
નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



નજાનૂ ચિત્રકાર કેવી રીતે બન્યો

૦
3





નજાનૂના સાહસો

નજાનૂ ચિત્રકાર કેવી રીતે બન્યો

03

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ



બોરિસ કૈલાશિન દ્વારા ચિત્રો





બ્લોબ્સ બહુ સારો ચિત્રકાર હતો. તે હંમેશાં સ્મોક કહેવાતો લાંબો ઝભ્ભો પહેરતો હતો. જ્યારે તે પોતાના ઇઝલ (ચિત્ર દોરવાનું સ્ટૅન્ડ) આગળ ઊભો રહેતો, હાથમાં રંગોની પૅલેટ પકડી રાખતો, સ્મોક પહેરેલો હોય અને તેના લાંબા વાળ પાછળ સરકાવેલા હોય, ત્યારે તે ખૂબ જ ભવ્ય લાગતો. કોઈપણ જોઈને કહી શકે કે તે સાચો ચિત્રકાર છે.

જ્યારે માઇટ્સે નજાનૂનું સંગીત સાંભળવાનો ઇનકાર કર્યો, ત્યારે તેણે નક્કી કર્યું કે હવે તે ચિત્રકાર બનશે. એક દિવસ તે બ્લોબ્સ પાસે ગયો અને બોલ્યો:

“સાંભળો, બ્લોબ્સ, મેં નક્કી કર્યું છે કે હું ચિત્રકાર બનવાનો છું. મને થોડા રંગો અને એક પીંછી આપો.”

બ્લોબ્સ ખૂબ ઉદાર હતો. તેણે નજાનૂને પોતાના બધા જૂના રંગો અને પીંછીઓ આપી દીધી.

એ જ સમયે નજાનૂનો મિત્ર ગંકી તેને મળવા આવ્યો.

“બેસી જા, ગંકી, હું તારું ચિત્ર દોરીશ.” નજાનૂએ કહ્યું

ગંકી પોતાનું ચિત્ર દોરાવા માટે ખૂબ ખુશ થયો. તે બેસી ગયો અને નજાનૂ કામે લાગી ગયો.





તે ગંકીને ખરેખર જેવો દેખાતો હતો તેના કરતાં વધુ સુંદર દેખાડવા માંગતો હતો, તેથી તેણે તેને લાલ નાક, લીલા કાન, વાદળી હોઠ અને નારંગી આંખો દોરી આપી.
ગંકીને પોતાનું ચિત્ર જોવા માટે ખૂબ ઉત્સુકતા હતી. તે એટલો ઉત્સુક હતો કે ખુરશી પર સતત હલચલ કરતો રહેતો.
“જો તું આમ હલચલ કરવાનું બંધ નહીં કરે, તો ચિત્ર બિલકુલ તારા જેવું નહીં લાગે,” નજાનૂએ કહ્યું.
“હમણાં તો મારા જેવું લાગે છે ને?” ગંકીએ પૂછ્યું.
“ખૂબ જ,” નજાનૂએ કહ્યું અને સાથે સાથે જાંબલી રંગની મૂછ દોરવા લાગ્યો.
“હવે હું ચિત્ર જોઈ શકું?” ચિત્ર પૂરું થતાં ગંકીએ પૂછ્યું.
નજાનૂએ તેને ચિત્ર બતાવ્યું.
“હું આવો દેખાઉં છું?” આશ્ચર્યચકિત ગંકી બૂમ પાડી ઊઠ્યો.
“ખરેખર, તું આવો જ દેખાય છે,” નજાનૂએ કહ્યું.





"તે મને મૂછો શા માટે દોરી આપી? મારી તો મૂછો જ નથી!"
"ચાલે, પણ એક દિવસ તો આવશે જ ને," નજાનૂએ કહ્યું.
"અને મારું નાક લાલ શા માટે રંગ્યું?"
"તેને વધુ સુંદર બનાવવા માટે." નજાનૂએ કહ્યું,
"અને મારા વાળ વાદળી શા માટે કર્યા? શું મારા વાળ ખરેખર વાદળી છે?"
"હા, છે," નજાનૂએ કહ્યું, "પણ જો તને પસંદ ન હોય, તો હું તેને લીલા પણ કરી દઉં."
"આ બહુ ખરાબ ચિત્ર છે," ગંકીએ કહ્યું. "લાવ, હું તેને ફાડી નાખું."
"હું તને કલાના આ નમૂનાને ફાડવા નહીં દઉં," નજાનૂએ કહ્યું.
ગંકીએ ચિત્ર તેની પાસેથી ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો અને બંને વચ્ચે ઝપાઝપી થઈ.
તેઓએ એટલો બધો ઘોંઘાટ કર્યો કે ડૂનો, ડૉ. પિલમેન અને બીજા કેટલાક માઇટ્સ દોડતા દોડતા ત્યાં આવી પહોંચ્યા.
"તમે શા માટે ઝઘડો કરો છો?" તેમણે પૂછ્યું.
"આ જુઓ," ગંકીએ કહ્યું. "આ કોનું ચિત્ર છે? શું આ મારા જેવું લાગે છે?"
"જરાય નહીં," માઇટ્સે જવાબ આપ્યો. "આ તો કોઈ ખેતરમાં ઊભેલા ચાડિયા (કાગડા ભગાડવાના પૂતળા) જેવું લાગે છે."





“એ તો ફક્ત એટલા માટે કે તેના પર નામ લખેલું નથી,” નજાનૂએ કહ્યું. “જો હું તેના પર નામ લખી દઉં, તો તમને તરત જ ખબર પડી જશે કે આ કોણ છે.”
તેણે એક પેન્સિલ ઉપાડી અને મોટા અક્ષરોમાં લખ્યું:
“ગંકી”
પછી તેણે ચિત્ર દિવાલ પર ટાંગી દીધું.
“તેને અહીં જ લટકતું રહેવા દો, જેથી બધા તેને જોઈ શકે,” તેણે કહ્યું.
“હું એવું થવા નહીં દઉં,” ગંકીએ કહ્યું. “તું ઊંઘવા જઈશ કે તરત જ હું તેને ઉતારીને ફાડી નાખીશ.”
“હું ઊંઘવા જ નહીં જાઉં. આખી રાત જાગીશ અને તેની દેખરેખ રાખીશ,” નજાનૂએ કહ્યું.
ગંકી એટલો ગુસ્સે થઈ ગયો કે તેણે જોરથી દરવાજો પછાડ્યો અને પોતાના ઘરે ચાલ્યો ગયો.
નજાનૂ ખરેખર આખી રાત જાગતો રહ્યો. જ્યારે બીજા બધા ઊંઘી રહ્યા હતા, ત્યારે તેણે પોતાના બધા મિત્રોના ચિત્રો દોર્યા.
તેણે રોલી-પોલીનું ચિત્ર એટલું જાડું દોર્યું કે તેનું આખું શરીર ચિત્રમાં સમાઈ જ ન શક્યું.





તેણે સ્વિફ્ટીના ચિત્રમાં લાંબા અને સોટા જેવા પાતળા પગ તથા કૂતરાની પૂંછડી દોરી. શોટને તેના કૂતરા ડોટની પીઠ પર બેઠેલો દોર્યો. ડૉ.પિલમેનના નાકની જગ્યાએ થર્મોમીટર દોરી દીધું તેમજ જાનૂના કાન ગધેડાના કાન જેવા દોરી દીધા.
એકંદરે, તેણે બધાને ખૂબ જ રમૂજી અને મૂર્ખ જેવા દેખાતા બનાવ્યા.
સવારે તેણે બધાં ચિત્રો પર નામ લખ્યાં અને તેમને ટાંગી દીધાં. "તે તો સાચી ચિત્રગેલેરી જેવી દેખાતી હતી." સૌથી પહેલા ડૉ. પિલમેન જાગ્યા. ચિત્રો જોતા જ તેઓ હસી પડ્યા.તેમને ચિત્રો એટલા ગમ્યાં કે વધુ સારી રીતે જોવા માટે તેમણે પોતાના ચશ્માં પહેરી લીધાં.
તેઓ એક પછી એક દરેક ચિત્ર ધ્યાનથી નિહાળતા ગયા અને ખૂબ જોરજોરથી હસતાં રહ્યા.

"શાબાશ, નજાનૂ!" તેમણે કહ્યું. "મને મારા જીવનમાં ક્યારેય આટલું હસવું આવ્યું નથી!"
છેવટે તેઓ પોતાના ચિત્ર પાસે આવ્યા.
"આ કોણ છે?" તેમણે કડક અવાજમાં પૂછ્યું. "હું? આ હું હોઈ જ ન શકું. જરા પણ મારા જેવું લાગતું નથી. આ ચિત્ર નીચે ઉતારી દો."
"શા માટે?" નજાનૂએ પૂછ્યું. "તેને બીજાં ચિત્રો સાથે લટકતું રહેવા દો."
"નજાનૂ, તું તો ગાંડો થઈ ગયો હોય એમ લાગે છે!" ડૉ. પિલમેન ગુસ્સાથી બોલ્યા. "અથવા કદાચ તારી આંખોમાં કંઈક ખામી હશે. તને કેમ લાગે છે કે મારું નાક થર્મોમીટર જેવું છે? "આજે રાત્રે તું સૂવા જઈશ ત્યારે મારે તને એરંડિયાના તેલનો મોટો ડોઝ આપવો પડશે."
નજાનૂને એરંડિયાનું તેલ બિલકુલ પસંદ નહોતું.
"મહેરબાની કરીને એવું ન કરો," તે રડમસ અવાજે બોલ્યો. "હું પોતે જ જોઈ શકું છું કે આ ચિત્ર તમારા જેવું નથી."
એમ કહીને તેણે ચિત્ર નીચે ઉતાર્યું અને ફાડી નાખ્યું.
પછી શોટ જાગ્યો.તેને પણ ચિત્રો ખૂબ ગમ્યાં. તે તો હસતાં હસતાં લોટપોટ થઈ ગયો.
પણ જ્યારે તેની નજર પોતાના ચિત્ર પર પડી, તેણે તરત જ હસવાનું બંધ કરી દીધું.







"આ તો બહુ ખરાબ છે," તેણે કહ્યું. "આ મારાં જેવું જરાય લાગતું નથી. જો તું આ ચિત્ર નીચે નહીં ઉતારે, તો હું તને ફરી ક્યારેય મારી સાથે શિકાર કરવા નહીં લઈ જાઉ"
અને આમ નજાનૂને શોટનું ચિત્ર પણ નીચે ઉતારવું પડ્યું.
બીજાઓ સાથે પણ આવું જ બન્યું. દરેક માઇટ્સને બીજાઓનાં ચિત્રો ગમ્યાં, પરંતુ પોતાનું ચિત્ર જરાય ગમ્યું નહીં.





માઇટ્સમાં સૌથી છેલ્લે જાગનાર બ્લોબ્સ હતો. તેને હંમેશાં સૌથી છેલ્લે જાગવાની ટેવ હતી.
જ્યારે તેણે દીવાલ પર પોતાનું ચિત્ર જોયું, ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું કે આ કોઈ ચિત્ર જ નથી, આ તો માત્ર રંગોનો એવો ગૂંચવાડો છે, જેને કલાની સાથે જરાય સંબંધ નથી.
તેણે ચિત્ર ફાડી નાખ્યું અને નજાનૂ પાસેથી પોતાના રંગો અને પીંછીઓ પાછાં લઈ લીધાં.
હવે દીવાલ પર માત્ર ગંકીનું ચિત્ર જ બાકી રહ્યું હતું. નજાનૂએ તે પણ નીચે ઉતાર્યું અને પોતાના મિત્રને મળવા ગયો.
"ગંકી, જો તને જોઈએ તો તું તારું ચિત્ર રાખી લે," તેણે કહ્યું. "પછી તું અને હું ફરી મિત્રો બની જઈશું."
ગંકીએ ચિત્ર લીધું અને તેના નાના નાના ટુકડા કરી નાખ્યા.
"ભલે, આપણે ફરી મિત્રો બનીએ," તેણે કહ્યું, "પણ એક વચન આપ કે તું ફરી ક્યારેય મારું ચિત્ર નહીં દોરે."
"હું હવે ક્યારેય કોઈનું ચિત્ર નહીં દોરું," નજાનૂએ કહ્યું. "એનો શું ફાયદો? તમે ખૂબ મહેનત કરો, અને બદલામાં માત્ર ઠપકો જ મળે. હવે મારે ચિત્રકાર બનવું જ નથી."







